A) **બોર્ડ મંજૂર નીતિઓ (Board Approved Policies)**

બેંકને અલગ-અલગ કાર્યો માટે વિશિષ્ટ બોર્ડ-મંજૂર નીતિઓ રાખવી ફરજીયાત છે — જેમ કે નવી શાખાઓ ખોલવાની નીતિ, બિઝનેસ કરસ્પોન્ડન્ટ (BC) ની નિમણૂંક કરવાની નીતિ અને Doorstep Banking સેવાઓ માટે નીતિ. દરેક નીતિ RBI ના સુધારેલ માર્ગદર્શનો સાથે નિયમિત અપડેટ થવી જોઈએ.

B) **બોર્ડની જવાબદારીઓ**

બોર્ડને BF/BC મોડલની અમલવારીનું સમયાંતરે મૂલ્યાંકન કરવાની પ્રથા રાખવી જોઈએ, જેથી તેમાં જોખમ નિયંત્રણ અને ગ્રાહક સેવા બંને સુધરે.

**c) ECBA (Eligibility Criteria for Business Authorization)**

RBI એ FSWM નોર્મ્સને બદલીને ECBA લાગુ કર્યા છે. બેંકને ECBA હેઠળ મંજૂરી મેળવવા માટે નીચેની શરતો પાલન કરવું પડે:

• CRAR ઓછામાં ઓછો લાગુ પડતા મિનિમમ CRARથી 1% વધારે

• Net NPA વધુમાં વધુ 3%

• છેલ્લા બે વર્ષ સતત નફો

• CRR/SLR માં કોઈ default નહિ

• CBS સંપૂર્ણ અમલમાં

• બેંક RBI ની Directions/PCA હેઠળ ન હોવી જોઈએ

• બોર્ડ પર ઓછામાં ઓછા બે professional directors હોવા

બેંક દર વર્ષે auditing પછી 30 દિવસમાં બોર્ડ સમક્ષ ECBA રિપોર્ટ મૂકે અને RBI ને 15 દિવસમાં જાણ કરે. (format given in Annex I.)

**ECBA કોમ્પ્લાયન્સની માન્ય અવધિ**

**"ECBA નું પાલન માન્ય માનવાની અવધિ"** બેંકે પોતાની ECBA અનુરૂપતા જાહેર કરી હોય, તો તેની માન્યતા નીચેની તારીખોમાં જે સૌથી વહેલી આવે તે સુધી માન્ય રહેશે:

1. **અગામી નાણાકીય વર્ષના 30 સપ્ટેમ્બર સુધી**, અથવા
2. **સુપરવાઇઝર (RBI inspection) દ્વારા બેંકને ECBA non-compliant જાહેર કરવામાં આવે**, અથવા
3. **બેંક દ્વારા આગામી self-review માં ECBA non-compliant જાહેર કરવામાં આવે**,

**આ ત્રણમાંથી જે પહેલું થાય ત્યાં સુધી જ ECBA માન્ય મનાશે.**

**ઉદાહરણ: ECBA માન્યતા કેવી રીતે ગણાશે?**

જો બેંકે **31 માર્ચ 2025** ના audited accounts આધારે **ઓગસ્ટ 2025** માં પોતાને ECBA-અનુરૂપ જાહેર કરી હોય,

તો બેંક **30 સપ્ટેમ્બર 2026** સુધી ECBA-compliant ગણાશે.

પરંતુ નીચેની બે પરિસ્થિતિઓમાં માન્યતા વહેલી સમાપ્ત થઈ જશે:

**(i)** જો આગામી RBI inspection માં (જે March 31, 2025 ના assessed figures

પર આધારિત છે), બેંક **ECBA non-compliant** જાહેર થાય —તો જે તારીખે આ નિષ્ણાત નિષ્કર્ષ આવે તે તારીખે ECBA માન્યતા સમાપ્ત ગણાશે.

**(ii)** જો બેંક આગામી self-review (31 માર્ચ 2026ના audited figures આધારિત) માં બોર્ડ રિઝોલ્યુશન દ્વારા પોતાને **ECBA non-compliant** જાહેર કરે તો બોર્ડ રિઝોલ્યુશન પસાર થયેલી તારીખથી ECBA માન્યતા સમાપ્ત થઈ જશે.

**(11) RBI ની Supervisory Review હેઠળની કાર્યવાહી**

આ સમગ્ર ECBA self-certification પ્રક્રિયા **RBI ની supervisory review હેઠળ** છે. જો supervisory review દરમિયાન — અથવા અન્ય કોઇ રીતે પણ —

RBI એ એવું શોધે કે બેંકે પોતાને ECBA compliant જાહેર કર્યું હતું પણ હકીકતમાં તે **ECBA non-compliant** હતી, તો RBI નીચે મુજબની કાર્યવાહી કરી શકે:

- યોગ્ય supervisory પગલાં,
- enforcement action,
- **એક વર્ષ માટે self-review દ્વારા ECBA compliance જાહેર કરવાની મંજૂરી રદ્દ,**
- અને RBIને યોગ્ય લાગશે તેવા અન્ય નિયામક પગલા.

## D) ક્ષેત્ર વિસ્તાર (Area of Operation)

- બેંક પોતાના રજીસ્ટ્રેશન જિલ્લાના સમગ્ર વિસ્તારમાં prior permission વિના કાર્યક્ષેત્ર વધારી શકે. (12 a)

- ECBA અનુરૂપ UCB રાજ્યમાં વધુ **ત્રણ જિલ્લાઓ** સુધી prior approval વિના વિસ્તાર કરી શકે. (12 b)

- Tier 2/3/4 UCB (SEB સહિત) રાજ્યમાં વધુ વિસ્તરણ કરવા RBIની prior approval લેવી પડશે.
  એક વર્ષમાં વધુમાં વધુ **5 જિલ્લાઓ** સુધી વધારો — શરત: headroom capital પૂરતું હોવી આવશ્યક.

- Tier 3/4 UCB (ANW ₹50 crore સાથે) રાજ્ય બહાર વિસ્તાર કરી શકે — prior RBI approval જરૂરી.
  એક વર્ષમાં મહત્તમ **2 રાજ્ય**, અને દરેક રાજ્યમાં ઓછામાં ઓછા **5 શાખાઓ ખોલવાની headroom** હોવી આવશ્યક.

- Tier 2 અને ઉપરની UCB માટે BoM (Board of Management) બનાવવું ફરજીયાત.

- Byelaws માં ફેરફાર કરવા (12a અને 12b સિવાય) RBI ની prior approval ફરજીયાત. UCB એ general body resolution પસાર કરી NOC માટે RBI ને અરજી કરવી.

- NOC મળ્યા બાદ 180 દિવસની અંદર byelaws RCS/CRCS પાસે રજિસ્ટર કરાવવા. Byelaws રજિસ્ટર થયા પછી 15 દિવસની અંદર RBI પાસે revised authorization માટે અરજી કરવાની.

જિલ્લાઓના પુનર્ગઠન/વિભાગ થયા થી area of operation માં થયેલા બદલાવ માટે prior approvalની જરૂર નથી — પરંતુ byelaws બદલી RCS/CRCS પાસે નોંધાવી અને RBIને જાણ કરવી પડશે.

**E) નવી શાખા/કાર્યસ્થળ ખોલવું**

**સેક્શન 23 (BR Act, 1949) તથા સેક્શન 56 મુજબ**, બેંકે નવી શાખા, એક્સટેન્શન કાઉન્ટર, ATM, નિયંત્રણ કચેરી, પ્રોસેસિંગ સેન્ટર વગેરે ખુલવા અથવા સ્થાન બદલાવ કરવા **રિઝર્વ બેંક પાસેથી પૂર્વ પરવાનગી લેવી આવશ્યક છે** (જ્યાં RBI દ્વારા છૂટછાટ ન હોય ત્યાં). પરવાનગી વગર નવી શાખા ખોલવી કાયદાનો ભંગ ગણાય છે અને દંડનીય છે.

બેંકે ખાતરી કરવી કે:

- સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા મકાન નો કોમર્સીઅલ હેતુ કરવા માટે કોઈ પ્રતિબંધ નથી.
- શાખા જ્યાં ચાલે છે તે જગ્યા માન્ય લીઝ કરારમાં છે અને કોઈ વિવાદ નથી.

**નવી શાખા / સ્થળ ખોલવાની મુખ્ય શરતો:**

**a) શાખા ખોલવી**

1. **ઓટોમેટિક રૂટ:**
    - ECBA અનુરૂપ બેંક (Salary Earner Bank સિવાય) પોતાના અગાઉના વર્ષની કુલ પૂર્ણશાખાઓના **15% સુધી** નવી શાખાઓ RBIની પૂર્વ મંજૂરી વગર ખોલી શકે છે.
2. **પ્રાયર એપ્રુવલ રૂટ:**

- SEBs તથા અન્ય બેંકો (15%થી વધુ શાખા ખોલવી હોય ત્યારે) ને **Annual Business Plan (ABP)** સાથે RBI પાસે અરજી કરવી પડશે.

**b) એક્સટેન્શન કાઉન્ટર (EC)**

- ECBA અનુરૂપ બેંક બંને રૂટ (ઓટોમેટિક અને પ્રાયર એપ્રુવલ) હેઠળ EC ખોલી શકે છે.
- ઓટોમેટિક રૂટ હેઠળ EC ખોલવાનું મર્યાદા શાખા ખોલવાની 15% મર્યાદામાં જ ગણાશે.
- વધુ EC ખોલવા ABP જરૂરી.

**c) ATM / CDM / CRM સ્થાપન**

- **On-site ATM/CDM/CRM:** શાખા/EC પર RBIની મંજૂરી વગર લગાવી શકાય.
- **Off-site / Mobile ATM/CDM/CRM:** ECBA અનુરૂપ બેંક પોતાની કામગીરી વિસ્તારની અંદર મંજૂરી વગર સ્થાપિત કરી શકે.

**d) પ્રોસેસિંગ સેન્ટર્સ / બેક ઓફિસ**

- બેંક પોતાની જરૂર પ્રમાણે કામગીરી વિસ્તારની અંદર **RBI મંજૂરી વગર** આવોન્ટરલ ઓફિસો ખોલી શકે.

**e) કન્ટ્રોલિંગ ઓફિસ (Regional / Zonal / Administrative)**

- ECBA અનુરૂપ UCB **30 અથવા તેથી વધુ શાખાના ક્લસ્ટર માટે એક કન્ટ્રોલિંગ ઓફિસ** મંજૂરી વગર ખોલી શકે.
- અન્ય UCB ને RBIની પૂર્વ મંજૂરી લેવી જરૂરી.
- આ ઓફિસો માત્ર આંતરિક પ્રક્રિયાઓ માટે હોય; વ્યવસાય અથવા ખાતું ખોલવાનું કામ નહિ કરે; તેમને સામાન્ય શાખામાં બદલી શકાય તેમ નહિ.

**Automatic Route – Branch Opening**

ECBA અનુરૂપ બેંક વર્ષમાં પોતાના કુલ branches ના 15% સુધી prior approval વગર નવી શાખા ખોલી શકે છે (ઓછમાં ઓછી 1 અને વધુ માં વધુ 10 શાખા).

બોર્ડ-મંજૂર branch-opening policy હોવી જોઈએ જેમાં નાણાકીય ક્ષમતા, viability અને ગ્રાહક સેવા જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હોય.

**Prior Approval Route – ABP**

SEBs અને 15% થી વધુ શાખાઓ ખોલવા ઇચ્છતી બેંકોને Annual Business Plan (ABP) રજૂ કરવું પડશે. RBI 90 દિવસમાં નિર્ણય આપે છે.

જો મંજૂર થયેલી શાખાઓમાંથી 75% operational ન થાય તો બેંકને બે વર્ષ સુધી નવી શાખા ખોલવામાં પ્રતિબંધ મળી શકે છે.

**Extension Counters (EC)**

EC શાળા, મોટી કંપનીઓ, ફેક્ટરી અથવા હોસ્પિટલના પરિસરમાં ખોલી શકાય છે જ્યાં બેંક principal banker હોય. Facilities સીમિત છે (deposit/withdrawal, drafts, FD security loans, lockers વગેરે). Base branch 10 km અંદર હોવી જોઈએ.

**ATM/CDM/CRM**

ATM પર બેન્ક સિવાય અન્ય કોઈ ની જાહેરાત ના કરી શકાય. બેંક પોતાની સેવા અથવા customer awareness messages બતાવી શકે છે. તમામ ATM/CDM વ્યવહાર Base branch સાથે એકાઉન્ટિંગ થવો જોઈએ

F) **Shifting Rules**

શાખા shifting શહેર/ગામની અંદર prior approval વગર કરી શકાય છે—પરંતુ ગ્રાહકોને 1 મહિના પૂર્વે જાણ કરવી પડશે.

વ્યવસાય સ્થળ (શાખા/EC/ઓફિસ) ખસેડવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવશે.

બોર્ડએ નાણાકીય સાર્થકતા (viability) સહિત તમામ સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરીને નિર્ણય લેવો જોઈએ.

આ નિર્ણય બોર્ડની બેઠકના મિનિટ્સમાં યોગ્ય રીતે નોંધવામાં આવવો આવશ્યક છે.

શિફ્ટિંગ કરતા પહેલાં તે શાખા/ECના તમામ વર્તમાન થાપણકારો અને ગ્રાહકોને ઓછામાં ઓછું એક મહિનો અગાઉ SMS / જાહેરનામા / પત્ર દ્વારા યોગ્ય રીતે જાણ કરવી આવશ્યક છે.

બેંક પોતાની કામગીરીના વિસ્તાર (area of operation)ની અંદર આવેલા off-site ATM ને

RBI ની prior approval લીધા વગર ખસેડી શકે છે.

એક શહેર/ગામમાં આવેલી શાખા/EC બંધ કરી અને બીજા શહેરમાં નવી શાખા ખોલવી — તેને શિફ્ટિંગ તરીકે ગણવામાં નહીં આવે. પરંતુ, Head Office સિવાય બેંક પોતાની કોઈ પણ office ને પોતાના area of operationની અંદર એક શહેર/ગામમાંથી બીજા શહેર/ગામમાં prior RBI approval વગર ખસેડી શકે **છે.**

જગ્યાની સંકડાશ/ space constraints, વધુ સારી ગ્રાહક સેવા અથવા સભ્યોની સુવિધા માટે, બેંક પોતાની શાખાને નાના ભાગોમાં વહેંચીને (splitting) અથવા કેટલાક વિભાગોને નજીકના વિસ્તાર અથવા એજ વોર્ડમાં ખસેડી શકે છે, prior RBI approval લીધા વિના. પરંતુ શરત એ છે કે બે જગ્યાએ એક જ પ્રકારનું કાર્ય (business overlap) ન થવું જોઈએ.

**G) Shifting/Surrender-** – A bank not complying with provisions of Section 11(1) of BR Act, 1949 (AACS). આવી બેંકોને premises વેચવા/ભાડે લેવા/ખસેડવા RBI ની prior approval લેવી પડશે. બેંકોને Annex VII માં આપવામાં આવેલા ફોર્મેટ મુજબ PRAVAAH પોર્ટલ મારફતે અરજી રજૂ કરીને રિઝર્વ બેંકની મંજૂરી મેળવવી જરૂરી છે. બેંકે, રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી મેળવવામાં આવે એ પહેલાં, ઓફિસ ખસેડવા માટે નવા પરિસર (premises) મેળવવા અંગે કોઈ પણ પ્રકારની firm commitment કરવી નહીં.

**H) BF/BC Eligibility**

ફક્ત financially strong UCB જ BF/BC engaging કરી શકે છે. શરતો: CRAR>10%, Net NPA<5%, CRR/SLR default નહિ, સતત 3 વર્ષ નફો, બે professional directors, regulatory comfort. આવી બેંકો **BF/BC ની નિમણૂક માટેની મંજૂરી** મેળવવા RBI ના **પ્રાદેશિક કચેરી (Regional Office)** નો સંપર્ક કરી શકે છે. A copy of the Board-approved policy in this regard may be forwarded to the concerned Regional Office of RBI.

BC સાથેની વ્યવસ્થામાં નીચેના મુદ્દાઓ સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે:

1. BC પાસે રાખી શકાતી રોકડની મર્યાદા અને દરેક ગ્રાહક માટે લેવડ-દેવડ (payments/receipts) ની મર્યાદા નક્કી કરવી.
2. કરવામાં આવેલા તમામ વ્યવહારો એ જ દિવસ અથવા આગલા કાર્યકારી દિવસે UCB ની CBSમાં દાખલ થયેલા હોવા જોઈએ.
3. ગ્રાહક સાથેના તમામ કરારો/સમજૂતીઓમાં સ્પષ્ટ લખાવવું જોઈએ કે BF/BC દ્વારા થયેલા કોઈ પણ ચૂકડા (omissions) અથવા ભૂલ (commissions) માટે અંતિમ જવાબદાર UCB જ રહેશે.

**BF/BC Due Diligence**

BF મોડલ હેઠળ UCB વિવિધ પ્રકારના માધ્યમો (intermediaries) નો ઉપયોગ કરી શકે છે.
BF/BC બનાવવા પહેલા due diligence ફરજીયાત છે—charter, governance, financials, manpower, IT systems, local acceptance, references, compliance checks.
NGO / Societies અથવા Trust Act હેઠળ રચાયેલ Micro Finance Institutes, Farmers' Clubs, પ્રાથમિક અથવા ક્રેડિટ સહકારી સિવાયની સહકારી સંસ્થાઓ, સમુદાય આધારિત સંગઠનો, કોર્પોરેટ સંસ્થાઓના IT આધારિત ગ્રામ્ય કેન્દ્રો, પોસ્ટ ઑફિસો, ઇન્શ્યોરન્સ એજન્ટો, સારી રીતે કાર્યરત પંચાયતો, ગામ જ્ઞાન કેન્દ્રો (Village Knowledge Centres), Agri Clinics / Agri Business Centres, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (Krishi Vigyan Kendras), KVIC / KVIB યુનિટ્સ અને વ્યક્તિગત લોકો — UCB ને અનુકૂળતા પ્રમાણે કોઈને પણ BC/BF તરીકે due diligence કરીને રાખી શકે.

**Charges & Commission**

બેંક ગ્રાહકો પાસેથી પારદર્શક charges વસૂલી શકે છે (BC/BF નહીં). BC/BF માટે reasonable commission નક્કી કરી શકાય છે.

**Grievances / ગ્રાહક ફરિયાદ**

ગ્રાહક ફરિયાદ નિવારણ વ્યવસ્થા, Grievance Redressal Officer ની માહિતી public કરવી. જો 30 દિવસમાં જવાબ ન મળે તો ગ્રાહક RBI Ombudsman અથવા Regional Office પાસે જઇ શકે છે.

**KYC**

BC/BF દ્વારા દ્વારા ગ્રાહક ની KYC પ્રોસિઝર કરવામાં આવી હોય તેમ છતાં અંતિમ KYC જવાબદારી બેંકની રહે છે. કારણ કે BC/BF હેતુ બેંકિંગ સેવાઓથી વંચિત લોકો સુધી બચત અને લોન સુવિધાઓ પહોંચાડવાનો છે, UCB સમયાંતરે જારી થતા KYC માર્ગદર્શકોની હદમાં રહીને **flexible KYC અભિગમ** અપનાવી શકે છે. જે વ્યક્તિ માટે પહેલેથી KYC કરવામાં આવી છે તે વ્યક્તિ દ્વારા મળેલ પરિચય ઉપરાંત, બેંક નીચેના સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલા ઓળખ પ્રમાણપત્રો (certificates of identification) પર પણ આધાર રાખી શકે છે:

- BC તરીકે કાર્યરત મધ્યસ્થ,
- બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO),
- ગામ પંચાયતના પ્રમુખ,
- સંબંધિત પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર, અથવા
- અન્ય કોઈ જાણીતા સરકારી અધિકારી.

**Monitoring, Controls & Training**

BC/BF જોડવાથી પ્રતિષ્ઠા, કાનૂની અને કામગીરી સંબંધિત જોખમ ઊભા થાય છે. UCB એ આ તમામ જોખમોને ધ્યાનમાં લઈ વ્યવસ્થા કરવાની જરૂરી છે. રિસ્ક મેનેજમેન્ટ માટે ટેકનોલોજી આધારિત ઉકેલો અપનાવવા જોઈએ.

BC/BF મોડલની અમલવારી UCB ની નિયંત્રક સત્તાઓ દ્વારા નિકટ દેખરેખ હેઠળ રાખવી જોઈએ. શાખા મુલાકાતો દરમિયાન BC/BF ના કાર્યનું વિશેષ મૂલ્યાંકન કરવું.

બેંકિંગ સેવાઓનો વ્યાપ વધે તે માટે UCBએ પોતાના ગ્રાહકોને સ્થાનિક ભાષામાં શિક્ષિત કરવાની કામગીરી વધારવી જોઈએ — જેમ કે:

બેંકિંગના ફાયદા, BCની ભૂમિકા, બેંકની જવાબદારી વગેરે વિશે પ્રિન્ટ/ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા જાગૃતિ ફેલાવવી.

UCB ને BF/BC સંબંધિત તમામ માહિતી પોતાની વેબસાઈટ પર પ્રકાશિત કરવી જોઈએ. વાર્ષિક અહેવાલમાં પણ BC મોડલ મારફતે આપવામાં આવેલી સેવાઓનું પ્રગતિ વર્ણન સમાવવું.

નકદી વ્યવસ્થાને સરળ બનાવવા માટે 'Cash Routes' અપનાવી શકાય છે — જેમાં આસપાસ આવેલ BC ને base branch સાથે જોડવામાં આવે છે. Cash transit insurance રાખવી જરૂરી છે.

UCB એ BC/BF દ્વારા સંભાળવામાં આવતી ગ્રાહક માહિતીની **સુરક્ષા અને ગુપ્તતા** જાળવવાની સંપૂર્ણ જવાબદારી રાખવી જોઈએ.

UCB BCને શરૂઆતના તબક્કામાં મદદરૂપ થવા માટે initial setup cost તથા અન્ય ખર્ચમાં સહાય આપી શકે છે અને વાજબી **ટૂંકા ગાળાના overdraft** પણ પ્રદાન કરી શકે છે.

BC માટે યોગ્ય વલણ, નૈતિકતા અને કુશળતા વિકસાવવા માટે UCB સ્થાનિક ભાષામાં **ટ્રેનિંગ મોડ્યુલો** બનાવવા જોઈએ

BC મોડલ અમલ કરતી વખતે બેંકોએ RBI ની Outsourcing Risk અને ટેકનોલોજી સંબંધિત માર્ગદર્શિકા (Urban Co-operative Banks – Managing Risks in Outsourcing, 2025) નું પાલન કરવાની ફરજ છે.

**Arrangements with BCs shall specify:**

**(1)** રોકડ રાખવાની મર્યાદા તથા દરેક ગ્રાહક માટે ચુકવણી/રસીદની મર્યાદાઓ સ્પષ્ટ કરવી.

**(2)** BC દ્વારા થયેલા તમામ વ્યવહારો બેંકના CBS માં તે જ દિવસે અથવા next working day

સુધી દાખલ થવા જોઇએ.

**(3)** ગ્રાહક સાથેના તમામ કરાર/એગ્રિમેન્ટમાં સ્પષ્ટ લખવું કે **BF/BC દ્વારા થયેલા કોઈપણ કાર્ય/ભૂલ માટે બેંક જ ગ્રાહક પ્રત્યે જવાબદાર રહેશે**.

**I) Doorstep Banking**

- બેંક પોતાના ગ્રાહકોને Doorstep Banking Services સ્વૈચ્છિક રીતે આપી શકે છે, અને તેના માટે RBI ની prior approval જરૂરી નથી.
- બેંકે Doorstep Banking માટે બોર્ડ-મંજૂર સ્કીમ તૈયાર કરવી હશે અને Annex V મુજબ. સ્કીમ અમલ કર્યા પછી 15 દિવસની અંદર RBI ને તેની માહિતી આપવી જરૂરી છે.
- Tier 3 અને Tier 4 UCB–
- doorstep banking પોતાના કર્મચારીઓ દ્વારા અથવા એજન્ટો દ્વારા આપી શકે.
- Tier 1 અને Tier 2 UCB– doorstep banking **ફક્ત પોતાના કાયમી (permanent) કર્મચારીઓ દ્વારા** આપી શકે.
- બેંકે આ સર્વિસમાં ઊભા થતા જોખમો — outsourcing risk, operational risk, reputational risk વગેરે —નું મૂલ્યાંકન કરીને નિયંત્રણ રાખવું પડશે.
- Doorstep Banking સ્કીમનું દર વર્ષે બોર્ડ દ્વારા સમીક્ષણ (annual review) કરવું જોઇએ.

**J) Proforma and Reporting of Bank / Branch Details under the Central Information System for Banking Infrastructure (CISBI) CISBI Reporting**

- RBI એ CISBI portal શરૂ કર્યું છે. બેંકોએ Annex I અનુસાર એક જ Proforma CISBI પર ઓનલાઈન સબમિટ કરવી પડશે. જરૂરી સૂચનાઓ Annex II માં આપવામાં આવી છે.

- RBI એ દરેક બેંકને login credentials આપ્યા છે.

- Access મેળવવા ઈમેઇલ દ્વારા વિનંતી કરી શકાય છે.

- Opening, closing, shifting, merger, conversion જેવી તમામ માહિતી CISBI પર 7 દિવસની અંદર અપડેટ કરવી ફરજીયાત છે.

- બેંકોએ દર મહિના અંતે CISBI પર "NIL Report" જનરેટ કરીને સબમિટ કરવી, જેમાં કાર્યરત શાખાઓ અને અન્ય units ની સંખ્યા દર્શાવવી ફરજીયાત છે.

- CISBI બેંક-લેવલની વિસ્તૃત માહિતી રાખે છે (બેંક કોડ, લાઈસન્સ, સરનામાં, સંપર્ક વિગતવગેરે).
  પ્રથમ વખત access મેળવ્યા પછી બેંકે તમામ માહિતી સાચી અને સંપૂર્ણ રીતે દાખલ કરવી અને તેની one-time confirmation RBI Regional Office ને મોકલવી. ભવિષ્યના કોઈપણ બદલાવ CISBI પર તરત જ અપડેટ કરવા પડશે.

- CISBI પર 7 દિવસની અંદર માહિતી રિપોર્ટ કરવી ફરજીયાત છે.

- Prior approval ન જોઈએ તેવા બદલાવો RBI ને 15 દિવસમાં રિપોર્ટ કરવાના.

- સમયસર રિપોર્ટ ન કરવાથી બેંકને 3 વર્ષ સુધી નવી શાખા/કાર્યસ્થળ ખોલવા પર પ્રતિબંધ લાગી શકે છે.

- મુંબઈ હેઠળની UCBs માટે Point of Contact — RBI, Department of Regulation, Central Office.

- અન્ય તમામ UCBs માટે — સંબંધિત RBI Regional Office. બધા applications PRAVAAH portal મારફતે જ સબમિટ કરવાના.

આ બાબતે RBI નું interpretation અંતિમ અને binding ગણાશે.